# શણગાલ ગામે એ.ટી.એમ. મશીનના ગાર્ડની લૂંટના ઈરાદે હત્યા

## તિક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી હત્યારાઓ ફરાર



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા.૨૨

સમગ્ર ગુજરાત રાજયમાં એ.ટી.એમ.ની સુરક્ષા એ બેંકો માટે માથાના દુખાવા સમાન બની રહયો છે ત્યારે બેંકો ધ્વારા એ.ટી.એમ.ની સુરક્ષા માટે ૨૪ કલાક સીકયુરીટી ગાર્ડની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે ત્યારે બીન હથીયારધારી સીકયુરીટી કેટલા અંશે એ.ટી.એમ.ની સુરક્ષા કરી શકે તે એક મોટો પ્રશ્ન છે.

ત્યારે આજરોજ અરવલ્લી જીલ્લાના મઘેરજ ગામે આવેલ શણગાલ ગામે આવેલ દેના બેંકના એ.ટી.એમ. મશીનમાં ગઈકાલે રાત્રીના સમય દરમ્યાન હિરાભાઈ કાળાભાઈ ચમાર એ.ટી.એમ.માં સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા. જયારે હીરાભાઈ છેલ્લા ૬ મહિના પહેલા પ્રીન્સીપાલ સીકયુરીટી નામની કંપનીમાં સીકયુરીટી ગાર્ડ તરીકે જોડાયા હતા અને તેમને મેઘરજ ખાતેના દેના બેંકના એટીએમ પર સીકયુરીટી ગાર્ડ તરીકે ગોઠવામાં આવ્યા હતા. ત્યારે ગત રાત્રીએ કેટલાક અજાણ્યા લુટારૂઓએ આવીને એટીએમ લુટવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને તે સમયે હીરાભાઈ મોજુદ હતા. ત્યારે આ લુટારૂઓ ધ્વારા હીરાભાઈને કોઈ સોલીડ પદાર્થ વડે માથાના ભાગે ફટકો મારી મોતને ઘાટ ઉતારી એટીએમમાંથી નાણા લુટવાનો નીષ્ફળ પ્રયાસ કરી નાસી છુટયા હતા.

ત્યારે વહેલી સવારે આ મર્ડરની જાણ ગ્રામજનોને થતાં મેઘરજ પીએસઆઈ રાજેન્દ્ર સગરને જાણ કરવામાં આવી હતી. ત્યારે પીએસઆઈ સગર પોતાની ટીમ સાથે ઘટના સ્થળ ઉપર પહોચી સમગ્ર પરિસ્થિતિથી વાકેફ થઈ આ બાબતે ઉચ્ચ અધીકારીઓને જાણ કરી ડીવાયએસપી બડોલીયા સહિતના અધિકારીઓ એફએસએલ ડોગ સ્કવોડ અને બેંકના અધિકારીઓ આ હત્યાની કડી સુધી પહોચવા કામે લાગી ગયા હતા. જયારે એટીએમના સીસી ટીવી ફુટેજ પણ મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મોડાસા તાલુકાના તખતપુરા ગામના ૪૦ પરિવારો આજે પણ ફાનસ યુગમાં જીવી રહયા છે

## મેશ્વો જલાગાર યોજનાને લઈને તખતપુરા ગામના લોકોને દધાલીયા નજીક વસાવવામાં આવ્યા હતા


મોડાસા, તા.૨૨

આજના આ વર્તમાન યુગમાં લોકો માટેની પ્રાથમીક જરૂરીયાત એવી વિજળી પાણી અને રસ્તા આ જરૂરીયાતો પૈકીની એક જરૂરીયાત પુર્ણ ન થાય તો જે તે વિસ્તારના લોકોનો વિકાસ કેવી રીતે અને કેવો થાય તે વિચારવા જેવી બાબત છે. ત્યારે અરવલલી જીલ્લના મોડાસા તાલુકામાં આવેલ તખતપુરા ગામના ૪૦થી પણ વધુ પરીવારો આજે આઝાદીના ૬૮


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

દાયકાઓ પછી પણ વિજળીની સુવિધા ન મળતા ફાનસ યુગમાં જીવી રહયા છે.

શામળાજી નજીક આવેલ મેશવો જલાગાર યોજના હેઠળ ડેમ બાંધવામાં આવ્યો હતો ત્યારે એ સમયે ડેમ બાધવાને લીધે ડેમની બાજુમાં ડુબમાં જતા તખતપુરા ગામના ૫૦થી વધુ લોકોને દધાલીયા નજીક ગામ વસાવી આપવામાં આવ્યુ હતુ. પરંતુ આ લોકોની કમનસીબી એ છે કે આ ગામના લોકોને મકાન માટે ઘર તો ફાળવી આપવામાં આવ્યા હતા. પરંતુ આ ગામના લોકો પાયાની સવિધાઓથી વંચિત રહયા અને તેમનુ જીવન જૈસે થે રહયુ ત્યારે આઝાદીના ૬૮ દાયકાઓ વિતી ગયા હોવા છતાં પણ આજે આ ગામના લોકો આજના આ ડીજીટલ યુગમાં વીજળી વિના વંચિત જીવન જીવી રહયા છે. જયારે બીજી બાજુ ભારત દેશના વડાપ્રધાન અને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ડીજીટલ ઈન્ડીયાની વાતો કરી રહ્યા છે અને સમગ્ર ભારતને ડીજીટલ બનાવાની વાતો કરી રહયા છે ત્યારે શુ આ મોડાસા તાલુકાના તખતપુરા ગામના આ ગરીબ લોકોને વિજળીની સુવિધા અપાવશે ખરા ?????



જયારે આ ગામના લોકોને વિજળીની સુવિધા ન હોવાથી આ ગામના પરીવારો આજે પણ દિવા અને ફાનસ યુગમાં જીવી રહયા છે. તો બીજી બાજુ આ ગામના ૭૦થી વધુ વિદ્યાર્થીઓ આજે પણ શિક્ષણ મેળવવા મોડાસા ખાતેની શાળાઓ અને કોલેજમાં આવે છે. પરંતુ અંધારૂ પડતાની સાથે જ આ લોકોને અભ્યાસ કરવાનુ દુષ્કર બની જાય છે. તો આસપાસનો વિસ્તાર જંગલ વીસ્તાર હોવાથી રાત્રીના સમયે જંગલી જીવજંતુ કરડવાનો ભય પણ સદાય રહે છે.

તખતપુરા ગામના લોકોને વિજળી પુરી પાડવા માટે અનેક વાર રજુઆતો કરવામાં આવી હોવા છતાં નઘરોળ તંત્ર ધ્વારા આજ સુધી આ અંગે કોઈ જ કાર્યવાહી કરવામાં ન આવતા સરકારની ઘર.. ઘર.. વિજળી... યોજના માત્ર નામ... બડે અને દર્શન... ખોટે જેવી પરીસ્થિતિ હાલ તો દેખાઈ રહી છે.

મોડાસા નજીક આવેલ દધાલીયા ગામના પેટાપરા વીસતારમાં તખતપુરા ગામના ૪૦થી વધુ મકાનોમાં આઝાદીના ૬૮ જેટલા દાયકાઓ વીતી ગયા પછી પણ વીજળીની સુવિધા ઉપલબ્ધ તંત્ર ધ્વારા ન કરાતા અભ્યાસ કરવા માગતા આ ગામના વીદ્યાર્થીઓનુ ભાવી જોખમી બન્યુ આ બાબતે ગ્રામજનોએ અને લોકહિતમાં અનેક વાર રજુઆતો કરવામાં આવ્યા છતાં પણ આ વાત તંત્રના બહેરા કાને અથડાઈને પાછી આવી રહી છે. ત્યારે આ મામલે ઝડપથી કામગીરી હાથ ધરીને લોકોના ઘરે અજવાળા થાય તે આવશ્યક છે. આગામી દિવસોમાં તંત્ર ધ્વારા યુજીવીસીએલને સાથે રાખીને ઝડપથી આ પ્રશ્નનો નિકાલ લાવવામાં આવે તે આવશ્યક છે. તખતપુરા ગામના લોકો આજના ડીઝીટલ યુગમાં પણ ફાનસ યુગમાં જીવી રહયા છે ત્યારે આ ગામના ગ્રામજનોના ઘરે કયારે વીજળીના દીવા ટમટમશે તે જોવુ રહ્યું.

# પ્રાંતિજમાં હળવો વરસાદ મુરઝાતી ખેતીને જીવતદાન

## અનિયમિત વરસાદથી કિશાનલક્ષી વિવિધ રાહત માંગણીઓ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં લાંબા વિરામ બાદ મંગળવારના બપોર પછી આકાશમાં વાદળો ગોરંભાતા હળવા-ધીમા મેઘસવારીથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. પ્રાંતિજ તાલુકામાં એક મહિનો ખેંચ્યા બાદ મુરાઝાતા કરીફ પાકો માટે જાણે કુદરતે અમી પુષ્ટિ કરી હોય તેમ હળવા-ધીમા વરસાદથી ખેતીના પાકોને થોડીક રાહત થઈ ગઈ છે. તો આજથી ખેડૂતો પમ ખેતીના કામોમાં લાગી ગયા છે. વાતાવરણમાં હજુ ભારે બફારો હોવાના કારણે હજુ વરસાદની શક્યતાઓ લોકો જણાવી રહ્યા છે અને બે ચાર દિવસમાં સમગ્ર પંથકમાં ભારે વરસાદ વરશે તો જ ખરીફ પાકોમાંથી ખેડૂતો ઉત્પાદન લઈ શકશે. તો અનિયમિત વરસાદના કારણે કિસાનોને થતાં કરીફ પાક નુકશાન માટે વિજબીલમાં ૫૦ ટકા રાહત તમામ લેણાં (ધિરાણ) વ્યાજમાં વ્યાજ માફી તેમજ મુદલના હપ્તા તેમજ ત્વરીત પાક વિમાની માંગણીઓ પણ કિસાનો કરી રહ્યા છે.

# રેલ્લાવાડાના નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને પ્રારંભ કરવામાં ગલ્લાં-તલ્લાંથી દર્દીઓ પરેશાન

ઈસરી, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો દ્વારા જનતાને સારી સારવાર મળે તે માટે પ્રા. આ. કેન્દ્રો ઉભાં કરવામાં આવ્યા છે. પરંતુ ડૉક્ટરોની સંખ્યા અપૂરતી હોવાથી અને વળી કેટલાંક કેન્દ્રો તો ચાર્જમાં ચાલે છે. જેથી ડૉક્ટર આવે કે ન આવે તે નક્કી નથી. ઈસરી પ્રા. આ. કેન્દ્રને સી.એચ.સી.માં રૂપાંતર કરવામાં આવ્યું પરંતુ પુરતો સ્ટાફ ફાળવાયો નથી. સીએચસીના મકાનો-સાધન સામગ્રી નથી. વળી હમણાં તો ઈસરી ખાતે એમ.ડી.ની લાયકાતવાળા ડૉક્ટર ડામોરની નિમણૂંક થતા દર્દીઓ વધશે. સારવાર મળશે અહી હાલ ૩ ડૉક્ટરો છે.

રેલ્લાવાડા ખાતે હાલ કોમ્યુનીટી હોલમાં દવાખાનું ચાલે છે. જલારામ મંદિરની સામે નવુ પ્રા. આ. કેન્દ્ર બની ગયું છે. પરંતુ જિલ્લાના અધિકારીની મીઠી નજરથી કોન્ટ્રાક્ટરે કામમાં નરી વેઠ ઉતારી છે. પાણીની સગવડ-લાઈટનું કનેક્શન, શૌચાલય આરસી.સી. ટાઈલ્સની ગોઠવણી, વાહનરોડ, બગીચો વગેરે મોટાભાગે વેઠ ઉતારી અન્યત્ર કામે ચાલી ગયેલ છે. હાલ પ્રા. આ. કેન્દ્રને ચાર્જમાં સોંપી દીધેલ છે તેવું જણાય છે. પરંતુ


(તસવીર : મુકેશ ડામોર, ઈસરી)

પુરી કામગીરી સિવાય મકાન સંભાળવું યોગ્ય નથી. આ કેન્દ્ર શરૂ થાય તો વધારાનો સ્ટાફ આવે, દર્દીઓ પણ આવે પરંતુ જિલ્લા આરોગ્ય અધિકારી પાસે બે જિલ્લાનો ચાર્જ હોવાથી ન્યાય મળતો નથી. અરવલ્લી જિલ્લામાં ડીએચઓની નિમણૂંક થતી નથી જેથી જિલ્લા આરોગ્ય અધિકારીને વારંવાર જણાવવા છતાં રેલસ્લાવાડા પ્રા.આ. કેન્દ્ર માટે શરૂ કરવા હજુ રાહ જોવામાં આવે છે. લાખોના ખર્ચે પ્રા.આ. કેન્દ્રો પડી રહે અને સમયસર સારવાર ન મળે તો દવાખાનાનો અર્થ ખરો ? જનતા બિચારી દવાખાને આવીને પાછી જાય. ડૉક્ટર આવવાના છે કે નહિ તેની માહિતી સ્ટાફને પણ હોતી નથી. ઘણીવાર દવાખાના બંધ રહે છે આવી દશા જિલ્લા આરોગ્ય અધિકારી ફેન્સીને પણ જણાવવામાં આવી છે. નવા કેન્દ્રમાં કામગીરી શરૂ થશે ખરી ?

# આર્મી ભરતી માટે ઓનલાઈન અરજી કરવાની તક

પાલનપુર, તા. ૨૨

આ વર્ષના જુન મહિનાથી આર્મી દ્વારા નવી વેબસાઈટ શરૂ કરવામાં આવી છે. આ વેબસાઈટ પર ઉમેદવારની લાયકાત સંબંધિત માહિતી મુકવામાં આવેલી છે. ઓનલાઈન અરજી કરનાર ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સર્ટીફિકેટ, પર્સનલ ડિટેઈલ, ડોમીસાઈલ સર્ટીફિકેટ, વેલીડ ઈમેલ આઈ.ડી., અને અલગ મોબાઈલ નંબર આપવાનો રહેશે. આગામી તા. ૩૧ જુલાઈથી ૧૩ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા ચાલશે અને તા. ૨૯ સપ્ટેમ્બરથી ૧૫ ઓક્ટોબર દરમ્યાન ભરતી પ્રક્રિયા યોજાશે.

# વિધાનસભાની ખાતરી સમિતિએ અંબાજી મંદિરના વિકાસકામોનું નિરીક્ષણ કર્યુ

પાલનપુર, તા. ૨૨

ગુજરાત વિધાનસભાની ખાતરી સમિતિના અધ્યક્ષ અને ધારાસભ્યશ્રી ઈશ્વરસિંહ પટેલ અને


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સમિતિના સભ્યો કમ ધારાસભ્યો સર્વશ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી ગોવાભાઈ દેસાઈ, શ્રીમતી વર્ષાબેન દોશી અને શ્રી સતીષભાઈ પટેલે પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કરાયેલ વિકાસકામોનું નિરીક્ષણ કરી ઉપયોગી સુચનો કર્યા હતા.

સમિતિના અધ્યક્ષ અને સભ્યશ્રીઓએ શક્તિદ્વાર નજીક બનાવાયેલ યાત્રિક પ્લાઝા, યાત્રિકો માટે રેલીંગ અને દર્શન વ્યવસ્થા, સ્વચ્છતા, વી.આઈ.પી. લોંઝ અને ગબ્બર ખાતેની વ્યવસ્થા અને વિકાસકામોનું નિરીક્ષણ કર્યુ હતુ. આ પ્રસંગે સમિતિના અધ્યક્ષ અને સભ્યશ્રીઓએ સારા સુચનો કર્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી કાન્તીભાઈ ખરાડી, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવશ્રી અનિલભાઈ પટેલ, વિધાનસભા સચિવાલયના અધિકારીઓ ઉપસચિવશ્રી એ.બી. કરોયા, સેક્શન અધિકારીશ્રી એસ.એન. જોષી, નવહીવટદારશ્રી જી.પી. બ્રહ્મભટ્ટ, નાયબ ઈજનેરશ્રી ગિરીશભાઈ પટેલ, અધિક મદદનીશ ઈજનેરશ્રી આર.કે. મેવાડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રતનપુર ચેક પોસ્ટ પાસેથી ૧૯.૮૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

શામળાજી, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી નજીક આવેલી આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ નજીક ટ્રકમાંથી પેપરવેસ્ટ ભરેલ પ્લાસ્ટીક બેગની આડમાં સંતાડીને ગુજરાત રાજયમાં ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશી દારૂ ૧૯૮૩૨૦૦ રૂ.નો વિદેશી દારૂ ઝડપી પાડી એક શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહિ શામળાજી પોલીસે હાથ ધરી છે.

ભીલોડા તાલુકાના શામળાજી નજીક નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીકથી શામળાજી પોલીસે ૧૯.૮૩ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.ટી. ઉદાવતે


(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

બુટલેગરો અને ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર વિદેશી દારૂ ઘુસાડતા બુટલેગરોને ઝડપી પાડવા સખત કાર્યવાહિ હાથ ધરી છે. શામળાજી પી.એસ.આઈ. ઉદાવતે તેમની ટીમ સાથે રાજસ્થાન તરફી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. રાજસ્થાન તરફથી પેપરવેસ્ટ ભરેલ પ્લાસ્ટીકની બેગ ભરેલો ટ્રક શંકાસ્પદ જણાતાં ઉભી રાખી ટ્રકની અંદર તપાસ હાથ ધરતાં ટ્રક (ગાડી નં. આરજે૨૧-જીએ-૫૫૮)ની અંદર સંતાડેલો વિદેશી દારૂ તથા બીયરની પેટીઓ નંગ ૫૩૦ મળી કુલ બોટલ અને ટીન નંગ ૧૯૮૩૨ કુલ કિંમત રૂ. ૧૯૮૩૨૦૦ તેમજ ટ્રકની કિંમત રૂ. ૧૦૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૧ કિંમત રૂ. ૫૦૦ મળી કુલ ૨૯,૮૩૭૦૦ રૂ.નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રકચાલક જગદીશસીંગ લાભસીંગ સોની (૩૬૪, નહારકા મોહલ્લા, તા. રભીયા, હરિયાણા)ની ધરપકડ કરી ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ ઘુસાડવાના ગુન્હામાં પ્રોહીબેશન એક્ટ હેઠળ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસામાં આધારકાર્ડ કાઢી આપનારી એજન્સીનું કામકાજ મંદગતિએ

મોડાસા, તા. ૨૨

કેન્દ્ર સરકારે અને ગુજરાત રાજ્ય સરકારે આમ આદમીની પ્રાથમિક જરૂરીયાત એવા એલપીજી રાંધણગેસ અને અન્ય સરકારી યોજનાઓ અને સબસીડી માટે આધારકાર્ડ ફરજીયાત બનાવી તો દેવામાં આવ્યું છે. પરંતુ અયોગ્ય વહિવટના અને જરૂરી માળખાકીય સુવિધાઓના અભાવે આધારકાર્ડ કઢાવવા માટે પ્રજાજનોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આધારકાર્ડ કાઢી આપવાનું કામકાજ ખાનગી કંપની દ્વારા આયોજન વિહોણી હોવાથી મોડાસા શહેરના પ્રજાજનો આ ખાનગી કંપનીથી તોબા પોકારી ઉઠ્યા છે. શહેરીજનોને પડતી મુશ્કેલીઓને વાચા આપવા માટે આજે મોડાસા મારૂતિ વિકાસ મંડળ દ્વારા નિવાસી અધિક કલેકટર અરવલ્લી જિલ્લાનો આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

મોડાસા શહેરના શહેરીજનો માટે આધારકાર્ડ કાઢી આપવાનું કામકાજ કરતી એક ખાનગી કંપની દ્વારા આયોજન વિહોણુ કામકાજ હોવાથી અને આધારકાર્ડનું સેન્ટર મોડાસા ચાર રસ્તા ટાઉનહોલની નીચે ગંદકીથી ખદબદતા અને ભોંયરા જેવી જગ્યાએ ચલાવવામાં આવતુ હોવાથી પ્રજાજનોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. આ ખાનગી કંપનીની મનમાનીથી કંટાળીને શહેરના જાગૃત નાગરિકોએ જે તે સંબંધી કચેરીઓમાં રજૂઆત કરવા છતાં પરિણામ શૂન્ય હોય તેમ કોઈ જ ફર્ક પડતો નથી. મોડાસા શહેરમાં ટાઉનહોલ ખાતે એક જ સેન્ટર ચાલુ છે. આ એજન્સી પાસે એક જ મશીન હોવાથી લાંબી લાંબી લાઈનો લાગે છે. એજન્સી દ્વારા પ્રજાઓને રંજાડતા હોય તેમ પ્રથમ દિવસે ફોર્મ ભરાવવામાં આવે છે. બિજા દિવસે ટોકન આપી ત્રીજા દિવસે આધારકાર્ડ કાઢી આપવાની તજવીજ હાથ ધરવામાં આવે છે. આધારકાર્ડ સેન્ટર પર આધારકાર્ડ કઢાવવા આવતા લોકોને બેસવાની સગવડ જ નથી. પાણીની પણ કોઈ જ વ્યવસ્થા નથી અને આ જગ્યાએ જંતુનાશક દવાઓનો જથ્થો પડ્યો હોવાથી માથુ ફાડી નાખે તેવી દુર્ગંધ આવતી હોવા છતાં ગરજવાન પ્રજાજનોને ન છૂટકે અહી ઉભા રહેવા મજબૂર બનવું પડે છે. આધારભુત સુત્રોના જણાવ્યા અનુસાર આ સ્થળે લેભાગુ દલાલો કાર્યરત થયા છે. અને પૈસાના જોરે ભ્રષ્ટાચાર આચરી લાંચ આપનાર વ્યક્તિને સેન્ટરનો કોઈજ નિયમ નડતો ન હોય તંત્ર ઝડપથી થોડીક મિનિટની અંદર આધારકાર્ડ કાઢી આપવાની તજવીજ હાથ ધરી દેવામાં આવે છે.

મારૂતિ વિકાસ મંડળ દ્વારા આ અંગે પ્રજાજનોને ફાયદારૂપ અને સમયનો બગાડ અટકે તે માટે અરવલ્લી જિલ્લા અધિક નિવાસી કલેક્ટરને આવેદન ાપવામાં આવ્યું હતું. જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી સમગ્ર જવાબદારીનો દોષનો ટોપલો ખાનગી એજન્સી પર ઢોળી દેતાં મોડાસા શહેરમાં આશ્ચર્ય ફેલાયું છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર — TATA — ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦